**KNH વેબસાઇટ પર સ્વાગત છે – ગુજરાતી**

housing@knh.org.uk

- આ સાઇટ વિશે
- દુભાષિયા અને ભાષાંતર સેવાઓ

## આ સાઇટ વિશે

કર્કલીઝ નેબરહુડ હાઉસિંગ (Kirklees Neighbourhood Housing) ની સાઇટ પર સ્વાગત છે, કંપની જે કર્કલીઝ કાઉન્સિલ (Kirklees Council) ના વતી 23,000 થી વધુ ઘરોનું સંચાલન કરે છે.

આપના મકાન, આપના ભાડૂત અને આપના પાડોશી વિશેની માહિતીનો સમાવેશ કરે છે અને અમારી કોર સેવાઓ વિશે માહિતી આપે છે. ઉદાહરણ તરીકે તેમાં આ મુજબની માહિતીનો સમાવેશ છે

- કાઉન્સિલની મિલકત માટે અરજી કેમ કરવી;
- ભાડૂત તરીકે તમારા હક્કો અને જવાબદારીઓ;
- તમારું ભાડુ કેવી રીતે ચૂકવવું અને જો ભાડુ ચૂકી ગયા હો અથવા ભાડુ ચડત થયેલ હોય તો શું કરવું;
- સમારકામ માટે કેવી રીતે ઓર્ડર કરવો અને તેના માટે કેટલો સમય લાગશે;
- અમારા ગ્રાહકોને અમે ક્યા લાભો અને બેનીફિટ આપીએ છીએ;
- યુવાન અને વૃદ્ધ લોકો માટે અમે કઇ સપોર્ટ સેવાઓ રજુ કરીએ છીએ;
- જે લોકો તેમના કાઉન્સિલ ફ્લેટના માલિક થવા માગે છે તેના માટે અમે કઇ સેવાઓ પૂરી પાડીએ છીએ;
- અમારો સંપર્ક કેવી રીતે કરવો અને અમારી સેવા વિશે સૂચનો કેવી રીતે કરવા;
- તમારા સમાજ સાથે કેવી રીતે જોડાવું;
- એન્ટી સોશ્યલ – ગેરસામાજિક વર્તણૂકના સંચાલન માટે અમને કેવી રીતે મદદ કરવી;
- તમે સ્થળાંતર કરવા માગતા હો ત્યારે શું કરવું;

KNH વિશે કોઇ માહિતી નથી, ઉદાહરણ તરીકે, અમારા સંચાલન માળખા વિશેની માહિતી, અમારી નિર્ણય પ્રક્રિયાઓ, અને અમારા ખૂબ મહત્વના પ્રકાશનોની નકલો.

આ વેબસાઇટ વિશે તમારા કોઇ સૂચનો હોય અથવા કોઇ કારણસર KNH નો સંપર્ક કરવાનો હોય, તો કૃપા કરી આ સાઇટના ‘અમને સંપર્ક કરો’ (“Contact Us”) વિભાગનો સંપર્ક કરો, જ્યાં તમને અમારી તમામ ઓફિસો, ફોન નંબર્સ અને વિશેષ માહિતી ઉપલબ્ધ થશે.

## દુભાષિયા અને ભાષાંતર સેવા

અમારી સેવાઓનો અમારા તમામ ગ્રાહકો સમાન રીતે ઉપયોગ કરી શકે તેની ચોક્કસાઇ કરવાનું

લક્ષ્ય KNH ધરાવે છે.

આ બાબતને ધ્યાનમાં રાખી, જે લોકોની પ્રથમ ભાષા ઇંગ્લીશ નથી તેમના માટે અમે દુભાષિયા અને ભાષાંતરની વિસ્તૃત સેવા પૂરી પાડી શકીશું.

**દ્વીભાષી હાઉસિંગ ઓફિસર્સ** - હાઉસિંગ ઓફિસર્સની અમારી ખાસ ટીમ ઉર્દૂ, ગુજરાતી, પંજાબી અને પહરી ભાષામાં મદદ અને સલાહ પૂરી પાડી શકશે. તમે **01484 226967** નંબર્સ પર તેમનો સંપર્ક કરી શકશો.

**ટેલીફોન ભાષાંતર** - 150 થી વધુ ભાષાઓમાં અમારો તમામ સ્ટાફ ટેલીફોન ભાષાંતર સેવા પૂરી પાડી શકશે.

**પ્રત્યક્ષ ભાષાંતર** - લાંબા ઇન્ટરવ્યુ માટે, કોઇ દુભાષિયા વ્યક્તિ હાજર હોય તે શ્રેષ્ઠ છે. જ્યાં યોગ્ય હોય ત્યાં અમે પ્રત્યક્ષ દુભાષિયાની હાજરી માટે વ્યવસ્થા કરી આપીશું (ઉપલબ્ધતાને આધીન).

**ભાષાંતરીત પ્રક્રિયાઓ** - ઘણી વિવિધ ભાષાઓમાં અમારી સંખ્યાબંધ પત્રિકાઓ ઉપલબ્ધ છે. કૃપા કરી આ સાઇટના 'ભાષાંતર' ("Translations") વિભાગ પર જાવ.

**અન્ય સેવાઓ** - અન્ય સ્વરૂપોમાં અમારી માહિતી પૂરી પાડવાના વિકલ્પો અમે વિચારી રહ્યાં છીએ, ઉદાહરણ તરીકે ઓડીયો ટ્રાન્સ્ક્રીપ્ટસ - શ્રાવ્ય લખાણો જે વેબસાઇટ પરથી ડાઉનલોડ કરી શકાશે.

જો આપને આપની ભાષામાં સહાય અથવા સલાહની આવશ્યકતા હોય,તો કૃપા કરી તમારી હાઉસિંગ ટીમનો સંપર્ક કરો, જેઓ આપના માટે યોગ્ય વ્યવસ્થા કરી આપશે.